NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

## -:: પરિપત્ર ::-

આથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપના તાબા હેઠળની વિવિધ યોજનાઓમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓની સંપૂર્ણ માહિતિ દર્શાવતું પત્રક (ત્રિમાસિક ચાર્જપત્રક) નો નમૂનો આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. સદર માહિતી નિયત પત્રકમાં તૈયાર કરી અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે.

વધુમાં ત્રિમાસિક ચાર્જપત્રકમાં જે માહિતી મોકલવામાં આવે છે તેમાં યોજનાનું નામ, બજેટ હેડ, કર્મચારીનું નામ, હોદ્દો, કચેરીમાં હાજર તારીખ(નવી નિમણુંક,બદલી,બઢતી) તેમજ નિવૃત્તિની તારીખ વિગેરે બાબતોની ચકાસણી કર્યાબાદ જ મોકલવાનું રહેશે. ત્રિમાસિક ચાર્જપત્રકમાં વિસંગતતાને લીધે જે વહીવટી પ્રશ્નો ઉભા થાય છે તેની જવાબદારી જે તે અધિકારીશ્રીની રહેશે. જેથી ત્રિમાસિક ચાર્જપત્રક મોકલતા પહેલા માહિતી બરાબર તૈયાર કરવામાં આવેલ છે કે કેમ ? તેની ખાત્રી કરી લેવા વિનંતી કરવામાં આવે છે.

સદર ત્રિમાસિક ચાર્જપત્રક **ડિસેમ્બર ૨૦૧૬** અંતિતની પરિસ્થિતિ દર્શાવતું મોકલવાનું રહેશે. અને હવે પછી દર ત્રણ માસે ત્રિમાસિક ચાર્જપત્રક જે તે માસની ૧૦ તારીખ સુધીમાં નીચે જણાવેલ ઈ.મેઈલ દ્વારા તથા હાર્ડ કોપી નિયમિત પણે અચુક મોકલી આપવાનું રહેશે. સદર ચાર્જપત્રકની નકલ સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને પણ અવશ્ય મોકલી આપવી.

**ઈ.મેઈલ :**– regiadm2.5@nau.in, dr@nau.in

**સામેલ:**–પત્રક.

જા.નં.નકૃયુ/રજી/એડીએમ–૨–૫/ત્રિ.ચા/૧૭૯૭૬ - ૧૮૦૨૫ /૨૦૧૬.
નવસારી. તા.૨૯/૧૨/૨૦૧૬.

R.M

**ઇ/ચા.કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**<u>નકલ સવિનય રવાના :</u>**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.

**નકલ રવાના :**

અત્રેની કચેરીના એડીએમ–૨–૪ ટેબલ તરફ જાણ તેમજ અમલ સારૂ.

## સ્ટાફની પરિસ્થિતિ દર્શાવતુ ત્રિમાસિક ચાર્જપત્રક તારીખ: <u>૩૧/ ૧૨ / ૨૦૧૬</u> ની અસર

કચેરીનું નામ :–

| અ. નં | યોજનાનું નામ/ ઠરાવ નંબર/ તારીખ/ બજેટ સદર | પ્લાન/ નોનપ્લાન/ ICAR/ અધર યોજના | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યાની ડીસીપ્લીન | પગાર ધોરણ | ગ્રેડ પે (હાલનો) | મંજુર થયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા | ભરેલ જગ્યાની ઉપર ફરજ બજાવતા કર્મચારીઓના પુરેપુરા નામ | કર્મચારીની ડીસીપ્લીન | જન્મ તારીખ | પ્રથમ નિમણુંકની તારીખ | હાલની કચેરીમાં હાજર થયાની તારીખ | વય નિવૃત્તિની તારીખ | $CCC^+$/ CCC પાસ કર્યાની તારીખ | NET પરીક્ષા પાસ કર્યાની તારીખ (શૈક્ષણિક સંવર્ગ) | મુખ્ય મથક | સી.કા/ સી.ટા/ બક્ષી પંચ/ અન્ય | વતનનો જીલ્લો | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, કોલમ નં. ૧ થી ૨૧ માં દર્શાવેલ માહિતીની ચકાસણી કરતા બરાબર માલુમ પડેલ છે.

કચેરીના વડાની સહી :–